માનનીય અધક્ષ્યશ્રી

પ્રભુ શ્રી રામ શક્તિ છે.

પ્રભુ શ્રી રામ ભક્તિ છે.

પ્રભુ શ્રી રામ મુક્તિ છે.

એટલે જ માનવજત સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન રામ નામ નું જ જાપ કરે છે

શ્રીરામ ભગવાન હતા એમણે ૧૪ વર્ષ સુધી વનવાસ તો ભગોવ્યોજ છે પણ એના પછી પણ શ્રીરામ ભગવાન શેકડો વર્ષ સુધી તંબૂ માં રહયા છે . રામમંદિર બનાવામાટે ૩૯૬ વર્ષસુધી જે જણ આંદોલન ચાલતું હતું તેનો અંત આવ્યો છે.આ આંદોલન માં કેટલાક કારસેવકોની સાથે પ્રજા પર જે અત્યાચાર કરવામાં આવ્યો હતો એમના લાઠીચાર ગોળીબાર ની સાથે સાથે અસંખ્ય કારસેવકોને જેલના પાંજરે પૂરવામાં આવ્યા હતા.માનનીય અધક્ષ્યશ્રી એવ જબાબદાર લોકોને આવનારી પીડીપણ  માફ કરસે નહી એવા લોકોને ભૂલશે પણ નહીં પરતું અવે તો ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી એ  દેશમાં જ નહીં પણ વિશ્વમાં વિખ્યાત એવું શ્રીરામ ભગવાન નું ભવ્યતીભવ્ય મંદિર નું નિર્માણ કરીને દેશના લોકોને સોગાત આપી છે આજે મોદી જી દેશના એક એક નાગરિકોવતી એમણે શુભેચ્છા પાઠવીએ છે આભાર માણિયે છે.
માનનીય અધક્ષ્ય શ્રી ૨૨ જાનેવારી ૨૦૨૪ ની એ તારીખ દેશ નો એક એક નાગરિક જીવે ત્યાં સુધી ભૂલસે નહિ એ ૨૨ જાનેવારી નો દિવસ ઇતિહાસ માં લેખિત થસે એ દિવસ સવારથી લોકો વેલા ઊઠીને પોતાના ઘર માં પૂજા વિધિ કરિને ઘર ના આગણે રંગોળી દોરીને ઘરે રોશની થી લાઈટિંગ કરીને મંદિર માં ભોગ લગાવીને સાંજે ઘરે દિવાળીના દીપ પ્રવજ્વલિત કરી શ્રીરામ દીપજ્યોતિ થી દિવાળી ના દિવસે જેવા ફટાકડા ફોડે એવી રીતે ફટાકડા ફોડ્યા અને દિવાળી મનાવી દેશ માં જે વાતાવરણ હતું ના ભૂતો ના ભવિષ્યીટી એવો માહોલ જોઈને મારા પણ આખમાં ખુશી ના આંસું આવી ગયાં
માનનીય અધક્ષ્યશ્રી સુરત માં પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુન્નિવર્સિટી માં રામોઉસ્થવ ઉજવમાં આવ્યો હતો જેમાં શ્રીરામ ભગવાન ના જીવન ચરિત્ર પર બનાવેલી પ્રદ્શની સાથે અખંડ યજ્ઞ ,સ્વાગત તિલક ,મહાઆરતી,પારપારિક ગરબા શાસ્ત્રીય નૃત્ય, રામાયણ થીમ આધારિત સંગીત સંધ્યા, રામ રથયાત્રા - અયોધ્યામાં થતાં રામ મંદિર ની પ્રાણ-પ્રતિષ્ઠા નું લાઇવ ટેલિકાસ્ટ સંપૂર્ણ ભારત માં અલગ અલગ સ્થળો થી નિહાળવામાં આવ્યું ત્યારે જે વાતાવરણ હતું એને શબ્દો થી વર્ણવી શકાય એમ નથી
માનનીય અધ્યક્ષ શ્રી મારા ગુજરાતી શ્રી રામ થી ભરપૂર છે.
નમસ્કાર કરતી વખતે સૌ પ્રથમ તો રામ રામ કહે છે.મુસીબત થી બચી જાય તો રામ રાખે તેને કોણ ચાખે કહે છે. ટેક લીધી હોય તો રામ ના રખોપા રાખ્યા કહે છે. ના ખબર પડે તો મારો રામ જાણે કહે છે. જતું કરવા હાટુ બોલે એને રામ રામ કરો કહે છે. ભાંગી જાય ત્યારે કહે રામ રોટલો થયો કહે છે.
દવા દેતી વખતે બોલે આતો રામબાણ ઈલાજ છે કહે છે. સારી જોડ જુએ તો કહે આતો રામસિતા ની જોડી છે.જીવન માં જલસા હોય તો કહે રામ-રાજ્ય માં પ્રજા સુખી કહે છે.
અને છેલ્લે મરતી વખતે એના રામ રમી ગયા કહે છે અને શ્મશાન જતી વખતે પણ રામ બોલો ભાઈ રામ - રામ નામ સત્ય હૈ કહે છે.

આવી રીતે આપણે આપણું જીવન નિર્વાહ કરતા સમયે આપના જીવન ના દરેક ક્ષણો માં રામ નામ જપીએ છે